૬૦૨ / ૩,૯૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૮ જૂન, ૨૦૦૬)

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

**વિભાગ-૧ : કિશોર સત્સંગ પ્રવીણ - છઠ્ઠી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૩**

**પ્રશ્ન.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૮ ગુણ)

૧. ''મંદિર તમે બીજે ઠેકાણે કરો.'' ૨૩
૨. ''પેલા બે જણા કીર્તન બોલે છે તેથી અમારો ઢોલિયો ખેંચાય છે.'' ૯૦
૩. ''એકાંતમાં તેમને સ્ત્રીનો યોગ થયો તો પણ ભ્રષ્ટ ન થયા અને શુદ્ધ રહી ગયા.'' ૭૯
૪. ''અમે છેડા વર્તમાન પાળીએ છીએ.'' ૫૩

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં)** (૯ ગુણ)

૧. આપણે સો જન્મે નહીં, આ જ જન્મે ઉત્તમ ભક્ત બની રહીએ. ૪૭
૨. જેતલપુરની ગણિકાને શ્રીજીમહારાજે રાજી થઈ આશીર્વાદ આપ્યા. ૩૨
૩. ઉકાખાચર મોડા આવ્યા છતાં મહારાજ રાજી થયા. ૧૦
૪. ટરોરોમાં કાળમીંઢ જેવા અસંખ્ય જીવો સત્સંગી થયા. ૯૮

**પ્રશ્ન.૩. નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. માનસી પૂજા (૪૫) **અથવા** ૨. નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ (૫)
૩. બંધિયાના ડોસાભાઈ (૮૬) **અથવા** ૪. રામબાઈ (૭૫)

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.** (૭ ગુણ)

૧. એકાંતિક ધર્મ કોને કહેવાય ? ૫૯
૨. કૃપાનંદ સ્વામીને શ્રીજીમહારાજ પ્રત્યે કેવું હેત હતું ? ૫૫
૩. ગણિકાને મહેનતાણાના બદલામાં શું આપવાનું મહારાજે કહ્યું ? ૩૧
૪. રાજાભાઈએ શેનો સંકેલો કરવા માંડ્યો ? ૬૨
૫. અષ્ટાંગ યોગમાં ધ્યાન પછી કઈ અવસ્થા પ્રાપ્ત થાય છે ? ૪૨
૬. શ્રીજીમહારાજની મુખ્ય આજ્ઞા કઈ છે ? ૭૦
૭. સોમલાખાચરે શ્રીજીમહારાજને શું શું અર્પણ કર્યું ? ૨૯

**પ્રશ્ન.૫.** ભગવાન ને મોટા સાધુને.... (૮૩) **- 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** **અથવા** (૫ ગુણ)
વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૨૨ (૫૭) **નું નિરૂપણ લખો.**

**પ્રશ્ન.૬. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** (૫ ગુણ)

**વિષય :- સ્વયંપ્રકાશાનંદ સ્વામી** ૬૩

**૧.** એક પાંખ ન હોય તો પક્ષી ઊડી ન શકે ? **૨.** જે પૃથ્વીની પ્રદક્ષિણા પહેલાં કરીને આવે તે કન્યાને વરે. **૩.** આમ, જ્યાં વાત કરે છે, ત્યાં અતિશય પ્રકાશ છવાઈ ગયો. **૪.** અસંખ્ય માણસોને પોતાનાં દર્શન માત્રે સમાધિ કરાવે છે. **૫.** આ ગાય છે. તે પૃથ્વીનું સ્વરૂપ કહેવાય. **૬.** ગણપતિએ ગાયની પ્રદક્ષિણા કરી અને કન્યાને વર્યા. **૭.** ભગવાનના ધામમાં મોકલે છે ને પોતાનું ભજન કરાવે છે. **૮.** આપણે તો કોઈ આવા પંથની વાત સાંભળવી નથી. **૯.** કન્યા એક અને લગ્ન કરનાર બે. **૧૦.** સોરઠમાં કોઈ જીવનમુક્તા પ્રગટ થયા છે.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્રશ્ન.૭. નીચેની પંક્તિ પૂર્ણ કરો.** (૮ ગુણ)

૧. વ્હાલા મુને વશ કિધી ....... જેવી ચાલ છે રે લોલ. ૬૫
૨. શિર પર ....... મન લોભે. ૧૮
૩. કે'દી દેશોમાં સંસારી સુખ ....... અહંકારી સ્વભાવ. ૮૦
૪. સત્સંગી જે તમારા ....... અમને ન નડે. ૭૮

**પ્રશ્ન.૮. નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** (૬ ગુણ)

૧. जनमंगलस्तोत्रम् :- ॐ जीताहाराय नमः ... ... ... ॐ अतिधैर्यवते नमः ।। ૪૮
૨. श्वासेन ....... शरणं प्रपद्ये ॥ ૨૬
૩. गालिदानं ताडनं ....... हितं च तैः॥..... શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો. ૯૪

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૮ જૂન, ૨૦૦૬ પરીક્ષા : સત્સંગ પ્રવીણ-૨ માધ્યમ : ગુજરાતી સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૬૦૨**

| | |
|---|---|
| પરીક્ષાર્થીની અટક :- | પરીક્ષા આપી તે તારીખ :- |
| પરીક્ષાર્થીનું નામ :- | પરીક્ષા આપી તે સમય :- |
| પિતા / પતિનું નામ :- | બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐ |
| પરીક્ષા સ્થળનું નામ :- | કેન્દ્ર નંબર :- ☐☐☐☐ |
| પરીક્ષાર્થીની સહી :- | કેન્દ્રનું નામ :- |

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

## વિભાગ-૨ : ગુણાતીતાનંદ સ્વામી - સાતમી આવૃત્તિ, માર્ચ ૨૦૦૫

**પ્રશ્ન.૯. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૮ ગુણ)

૧. ''ખરો વહેવાર તો જૂનાગઢના મહંત ગુણાતીત સ્વામીને આવડ્યો કહેવાય.'' ૫૧

૨. ''આ સાધુને ઓળખો છો ? આ તો અમારું અક્ષરધામ છે.'' ૨૭

૩. ''તેને આપ જેવાનો અવગુણ આવશે.'' ૫૮

૪. ''સગુણ ચરિત્ર નાના વિધિ, સુની મુનિ મન ભગ્ન હોય.'' ૪૧

**પ્રશ્ન.૧૦. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં)** (૯ ગુણ)

૧. રઘુવીરજી મહારાજની ગ્રંથિઓ ગળી ગઈ. ૭૦

૨. જસા ભગતને દુઃખ આવ્યું. ૬૧

૩. સૌ સંતોએ સ્વામીને કહ્યું કે અમારું બોલ્યું માફ કરજો. ૭૭

૪. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીને દૂધ ઉપર રહેવાની આજ્ઞા કરી. ૨૫

**પ્રશ્ન.૧૧. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. સૂક્ષ્મ તપ (૩૦) ૨. વૃત્તિનો નિરોધ (૨૧) ૩. અમારું અક્ષરધામ બક્ષિસ (૪૭)

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.** (૭ ગુણ)

૧. ઉગાખુમાણનો દ્વેષ કેવો હતો ? ૨૯

૨. મૂળજીને ઘરે મહારાજ કયા ભક્તો સાથે જમવા પધાર્યા ? ૧૦

૩. મૂળજી શા માટે કાશીએ ભણવા ન ગયા ? ૫

૪. શુકજીએ કોને શામાં રહીને જવાબ આપ્યો ? ૩૩

૫. સમાધિમાં તુલસી દવેએ મહારાજને સાતમો પ્રશ્ન કયો પૂછ્યો ? ૭૨

૬. જૂનાગઢ મંદિર કરવા માટે જમીન કોણે આપી ? ૪૦

૭. ઓરડામાં પૂરાયેલો વસ્તો ક્યાં આવ્યો ? ૬૭

**પ્રશ્ન.૧૩. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** (૪ ગુણ)

૧. રંકમાંથી રાય (૬૨) ૨. મુંજો સત્સંગી થયો (૫૩) ૩. નીલ વાંદરું (૨૧)

**પ્રશ્ન.૧૪. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૮ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સ્વામીનું આદર્શ જીવન ૩૫

(૧) ☐ ચોકા પાણી કરતા

(૨) ☐ સંતોને આસને આસને પ્રણામ કરવા જતા.

(૩) ☐ માંદા સંતોની સારવાર કરતા.

(૪) ☐ દરેકને કથા પછી જ સેવા ચિંધતા.

૨. મહામુક્તથી અધિક સામર્થી અક્ષરબ્રહ્મની ૪૯

(૧) ☐ અહો ! આ તો જોગીનું કામ છે. (૨) ☐ 'ના પાડી હતી ને કેમ ગયા'તા ?'

(૩) ☐ મારું કહ્યું તો આ જોગી જ ફેરવી શકે. (૪) ☐ કરવો આ મંદિરમાં નિવાસ રે.

૩. સ્વામી ધામમાં પધાર્યા. ૮૧

(૧) ☐ અષાઢ સુદ તેરશ (૨) ☐ આસો વદ તેરશ (૩) ☐ સં. ૧૯૨૩ (૪) ☐ સં. ૧૯૩૨

૪. ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ મંદિરના મહંત બનાવી તેમની મદદમાં રહેવા શ્રીજીમહારાજે કોને કોને ભલામણ કરી ? ૪૨

(૧) ☐ ગોપાળાનંદ સ્વામી (૨) ☐ પવિત્રાનંદ સ્વામી

(૩) ☐ પરમાનંદ સ્વામી (૪) ☐ વાસુદેવાનંદ બ્રહ્મચારી

**નોંધ : (૧) ઉપરોક્ત પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ જુલાઈ, ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

**(૨) 'સત્સંગ પ્રવીણ-૨' પરીક્ષામાં આગળની 'સત્સંગ પરિચય' પરીક્ષાની જે ટૂંકનોંધ પુછાતી હતી તે સન ૨૦૦૬ અને ત્યાર પછીથી પુછાશે નહીં અને તેના બદલે 'સત્સંગ પ્રવીણ-૨' પરીક્ષાનાં પુસ્તકોમાંથી જ પ્રશ્નો પુછાશે.**

❊ ❊ ❊